ગુર્જર ક્ષત્રીય કડીયા સમાજે ત્રિકોણબાગ ખાતે ધરણા યોજી આશારામ આશ્રમ ત્થા પુત્રની પ્રવૃતિની ઝાટકણી કાઢી

# દિપેશ-અભિષેકની પુણ્યતિથી નિમિતે ધરણાઃ આશારામજી વિરૂધ્ધ રોષ

આશારામના સંપર્ક અડવાણી સુધી હોય ગુજરાત સરકાર તેઓને છાવરી રહી છે

દિપેશ અને અભિષેકના પરિવારજનોને વળતર આપોઃ આશ્રમમાં બાળકોની પ્રતિમા મૂકો

બનાવ વખતે મુખ્યમંત્રીએ કહેલ ૧૦ દિવસમાં હું દુધનું દુધ પાણીનું પાણી કરી દઇશઃ શું થયું?

રાજકોટ,તા. ૩ :.આસારામ આશ્રમમાં શંકાસ્પદ રીતે મૃત્યુ પામેલ બે બાળકો દિપેષ તથા અભિષેકની વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજે બહોળી સંખ્યામાં યુવાનો, વડીલો, યુવતીઓ, બહેનો વગેરેએ ત્રિકોણ બાગ ખાતે ઉપસ્થિત રહીને બન્ને બાળકોને શ્રધ્ધાંજલી આપી એક દિવસના પ્રતિક ઉપવાસ કર્યા હતા.

આ ઉપવાસમાં જી.કે.એસ. પ્રમુખ પરાગભાઈ સોલંકી, પ્રકાશભાઈ વરૂ, હરીભાઈ ટાંક, નટુભાઈ રાઠોડ, હાલાર મોટીનાતના મંત્રી ભૂપતભાઈ પરમાર, માણેકપરના કાનાભાઈ પરમાર, જેન્તીભાઈ મનાણિ, લલીતભાઈ ચોટલીયા, ઉર્મીબેન સોલંકી, જયશ્રીબેન ચાવડા, સોનલબેન ચાવડા વગેરે સમાજના તમામ લોકો આ શ્રધ્ધાંજલી કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

### આશારામનો અબજો રૂપિયાનો કારોબારઃ પરાગ સોલંકી



ત્રિકોણબાગ ખાતે આજે એક દિવસના ઉપવાસ ઉપર બેઠેલા ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજના અને જીકેએસ ગ્રુપના પ્રમુખ પરાગ સોલંકીએ જણાવેલ કે આશારામ અને તેના પુત્ર ભૂતકાળમાં એક સામાન્ય નાગરીક તરીકે જીવન જીવતા હતા જ્યારે આજે સંસારી સાધુ બની ગયા છે. અબજો રૂપિયાના કારોબાર કરે છે.

દેશના જુદા જુદા રાજ્યોમાં આશ્રમો અને જીલ્લાઓમાં પોતાની શાખાઓ ધરાવે છે. જેમા શું-શું પ્રવૃત્તિઓ ચાલે છે તે સૌ કોઈ જાણે છે. પરાગ સોલંકીએ આશારામ અને તેના પુત્રની ધરપકડ કરી કડક સજા કરવા માંગણી કરી હતી.

### બન્ને બાળકોના પરિવારનો માળો વિખાયોઃ ચોટલીયા



આ તકે કલ્પેશ ચોટલીયાએ જણાવેલ કે, આશારામ આશ્રમમાં શંકાસ્પદ રીતે મૃત્યુ પામેલ દિપેશ અને અભિષેક બન્ને બાળકો તેના માતા-પિતાનાં જીવ હતા. આ બાળકો ન રહેવાથી પરિવારનો માળો વિખાઈ ગયો છે, પરિવાર ભાંગી પડયો છે રાજ્ય સરકાર આ મામલે કોઈપણ જાતના પગલા લેતી નથી.

શ્રી ચોટલીયાએ વધુમાં જણાવેલ કે આ દુઃખદ બનાવને એક વર્ષ પુરૂ થવા આવ્યું છતાં પણ કોઈ ઉકેલ આવ્યો નથી. આશારામ અને તેના પુત્ર ઠગ સાધુઓ છે.

### સીબીઆઈ તપાસ કરોઃ ભરત જાદવ



જયારે ભરતભાઈ જાદવે કહ્યું હતું કે, સીબીઆઈ તપાસની માગણી કરી છે આ બનાવ બનેલ ત્યારે મુખ્યમંત્રીશ્રીએ કહેલ કે હું દસ દિવસની અંદર દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખીશ પણ અફસોસ સાથે કહેવું પડે છે કે, આ વાતને આજે એક વર્ષ વિતી ગયુ હોવા છતાં કોઈપણ ઉકેલ આવ્યો નથી.

### આશારામના સંપર્ક અડવાણી સુધીઃ વરૂ



પ્રકાશ વરૂએ જણાવ્યું હતું કે, આશારામના સંપર્ક અડવાણી સુધી હોવાના કારણે ગુજરાત સરકાર તેઓને છાવરી રહી છે ચાંદની કેસનો ઉકેલ આવ્યો ત્યારે અમારા સમાજના બાળકોનો પ્રશ્ન હજુ સુધી કેમ ઉકેલાયો નથી. રાજ્ય સરકાર આશારામ અને તેના પુત્રની ધરપકડ કરી પ્રજાનો ભરોસો કાયમ રાખે તેવી અમારી માંગણી છે.

### વાલીઓને વળતર આપોઃ વિરેન વાઘેલા



ત્રિકોણ બાગ ખાતે ઉપવાસ ઉપર બેઠેલા વિરેન વાઘેલાએ કહ્યુ હતું કે મૃત્યુ પામેલા આ બન્ને બાળકોના પરિવારજનોને ખોટ તો પુરી પાડી શકાય નહી પણ વાલીઓને વળતર આપવું જોઈએ. આ ઉપરાંત દિવ્યેશ અને અભિષેકની પ્રતિમા આશારામ આશ્રમમાં કાયમી ધોરણે મુકવા અમારી માંગણી છે. આ બનાવ અણઉકેલ છે. આ બનાવ બાદ આસારામ અને તેનો પુત્ર કે જે સંસારી ઠગ સાધુ છે. તેઓની વરવી ભુંડી ભૂમિકાનો પર્દાફાશ થયો છે અને જ્યારે આસારામે યુ.પી.થી ભાડાના માણસો બોલાવી નિર્દોષ લોકો ઉપર જે અત્યાચાર કરેલો તે પણ તમામ લોકોના સમાજને ખ્યાલ છે જ્યારે આવા સંસારી સાધુઓને સરકારનો ટેકો હોય તો જ આટલી હિંમત કરી શકે છે.(૫-૨૪)



આશારામ આશ્રમમાં શંકાસ્પદ રીતે મૃત્યુ પામેલા દિપેશ અને અભિષેકને આજે એક વર્ષ થયું હોવા છતાં આ મામલે કોઇ ઉકેલ આવ્યો નથી. જી. કે. એસ. ગ્રુપ દ્વારા આજે ત્રિકોણ બાગ ખાતે પ્રતિક ઉપવાસ અને શ્રધ્ધાંજલીનો કાર્યક્રમ યોજાયો હતો. તસ્વીરમાં ગુર્જરી ક્ષત્રીય સમાજના આગેવાનો તેમજ જી.કે. એસ. ગ્રુપના પરાગ સોલંકી, કલ્પેશ ચોટલીયા, ભરત જાદવ, પ્રકાશ વરૂ અને વિરેન વાઘેલા નજરે પડે છે. (તસ્વીર : સંદિપ બગથરીયા) (૯.૩૬)

## મમતાનું બજેટ ''બઢિયા'': મનમોહન



વડાપ્રધાન ડો. મનમોહનસિંહે મમતાબેનર્જીએ રજુ કરેલ રેલ્વે બજેટની પ્રશંસા કરતા કહ્યું છે કે ખૂબ ઓછા સમયમાં તેમણે આવું બઢિયા બજેટ રજુ કર્યુ છે જેમાં મુસાફરો ઉપર કોઈ બોજો નાખ્યો નથી મમતાને અભિનંદન આપતા તેમણે કહ્યું હતું કે તેમણે ચૂંટણીના ઢંઢેરામાં આપેલ વાયદા પુરા કરવાનો પ્રયાસ કર્યો છે.(૩.૨૮)

## ઉતાવળમાં બન્યુ રેલ્વે બજેટઃ ભાજપ

કરેલા વાયદા પૂરા થશે તોજ અર્થપૂર્ણ કહેવાશેઃ રાજનાથ

વર્ષ ૨૦૦૯-૧૦નું રેલ્વે બજેટ ઉતાવળમાં બનાવ્યું હોવાનો ભાજપનો અભિપ્રાય છે. ભાજપ અધ્યક્ષ રાજનાથસિંહે જણાવ્યું હતું કે બજેટમાં વાયદા કરવામાં આવ્યા છે પરંતુ તે પુરા કરવામાં આવે ત્યારેજ તે અર્થપૂર્ણ બની શકે તેમ છે.(૩.૨૮)

## રેલ્વેને ૫૦ અબજ રૂપિયાનો બજેટરી સપોર્ટ

નવી દિલ્હી તા. ૩ : ભારત ૨૦૦૯-૦૧૦ માટે ભારતીય રેલ્વે અને ઈન્ડીયન રેલવે ફાયનાન્સ કોર્પોરેશનને ૫૦ અબજ રૂપિયાની અંદાજપત્રીય સહાય પુરી પાડશે તેમ લોકસભામાં રેલવે બજેટની દરખાસ્તો રજુ કરતા રેલવે પ્રધાન મમતા બેનરજીએ જણાવ્યું હતું.

નાણા મંત્રાલયે કેટલાંક વર્ષોના ગેપ બાદ આઈઆરએફસીને બાદને ટેકસ ફ્રી બોન્ડસ ઈશ્યુ કરવાની મંજુરી આપી છે. તેમ તેમણે જણાવ્યું હતું.

આ અગાઉ ફેબ્રુઆરીમાં આવેલા વચગાળાના રેલવે બજેટમાં રેલવેને ૧૦૮ અબજ રૂપીયાની સહાયની જાહેરાત કરવામાંઆવી હતી.(૩.૨૮)

લાલુજી અમે સહકાર આપતા, તમે પણ આપો

## બજેટ ભાષણ વખતે લાલુની કચકચથી મમતા ખિજાઇ ગયાઃ સમ્માન આપવા ટકોર કરી



નવી દિલ્હી તા. ૩ :..વર્ષ૨૦૦૯-૧૦ ના રેલ બજેટની રજૂઆત વખતે પૂર્વ રેલ મંત્રી લાલુએ અનેકવાર કચકચ કરતાં મમતા બેનર્જી ખિજાઇ ગયા હતા તેમણે લાલુને આગ્રહ કર્યો હતો કે 'કૃપ્યા કરી તમે અમારી મદદ કરો' મમતાએ જયારે દેશમાં ૫૦ સ્ટેશનોને વિશ્વસ્તરના બનાવવાની જાહેરાત કરી ત્યારે તેમાં પટણાનું નામ ન આવતા લાલુ નારાજ થઈ ગયા હતા લાલુએ ભાષણ વચ્ચે ટોકાટોક શરૂ કરી દીધી હતી. લાલુના આવા વ્યવહારથી કંટાળી મમતાએ કહ્યું 'તમે જયારે રેલ બજેટ રજૂ કરતાં હતા ત્યારે અમે તમારૂ સમ્માન કરતા હતા તમે પણ અમારૂ સમ્માન કરો અમે તમારી પાસે મદદ ઈચ્છીએ છીએ.' બજેટ પ્રવર્ચન દરમિયાન લાલુ-મમતા વચ્ચે અનેકવાર રકઝક થઈ હતી. (૨-૨૪)

## તત્કાલ બુકિંગનો ચાર્જ રૂા.૧૫૦થી ઘટાડી રૂા.૧૦૦

લાલુની કમાણીની સ્કીમ મમતા બેનર્જીએ ભાવ ઘટાડીને ચાલુ રાખી

નવી દિલ્હી : રેલ્વે પ્રધાન મમતા બેનરજીએ તત્કાલ બુકિંગના ચાર્જીસ હલના ૧૫૦ રૂપીયાથી ઘટાડીને રૂા.૧૦૦ કર્યા હોવાની જાહેરાત કરી હતી. તત્કાલ ભાડુ વાસ્તવિક ભાડાની ટકાવારી પ્રમાણે નિર્ધારીત કરવામાં આવશે

આ અગાઉ રેલ્વેના એક અધિકારીએ જણાવ્યુ હતુ કે તત્કાલ સેવા દ્વારા લાલુ પ્રસાદ યાદવે છેલ્લા ત્રણ વર્ષમાં રેલ્વેને ૧૦૦૦ કરોડની આવક કરાવી હતી પણ નવા રેલ્વે પ્રધાનને આ સ્કીમ ઈમ્પ્રેસ કરી શકી ન હતી. જો કે મમતા બેનર્જીએ આ સ્કીમ યથાવત રાખી હતી પણ તેના ચાર્જીસમાં ઘટાડો કર્યો હતો. અગાઉથી રેલ્વે બુકીંગ ન કરાવી શકનાર પેસેન્જર વધુ ભાડુ ચુકવીને મુસાફરી કરવા તૈયાર હોય છે અને તેવા પેસેન્જરો માટે ખાસ તત્કાલ સેવા શરૂ કરવામાં આવી હતી અને તેમાં અમુક બર્થની ફાળવણી કરવામાં આવી હતી. લાલુપ્રસાદ યાદવે શરૂ કરેલી આ સ્કીમ રેલ્વે માટે કમાણી કરાવનાર સ્કીમ સાબિત થઈ હતી.(૧.૪૦)

## પોરબંદર-અમદાવાદ વર્લ્ડકલાસ સ્ટેશન બનશે

૫૦ વર્લ્ડકલાસ સ્ટેશનો બનાવવાની મમતાની જાહેરાતઃ ગાંધીધામ સહિત ૩૭૫ મોડલ સ્ટેશનોઃ વડોદરા સ્ટેશન અપગ્રેડ થશે

નવી દિલ્હી તા. ૩ : રેલમંત્રી મમતા બેનર્જીએ દેશભરમાં ૫૦ વિશ્વકક્ષાના રેલ્વે સ્ટેશનો બનાવવાની રેલ્વે બજેટમાં જાહેરાત કરી છે. જેમાં પોરબંદર અને અમદાવાદનો સમાવેશ થાય છે.

તેમણે ગાંધીધામ સહિતના ૩૭૫ મોડલ સ્ટેશનો બનાવવાની પણ જાહેરાત કરી વડોદરા સ્ટેશનને અપગ્રેડ કરવાની પણ યોજના જાહેર થઈ છે.

લાંબા અંતરની ટ્રેનોને તુરંત સ્કીમ હેઠળ નોનસ્ટોપ ટ્રેન બનાવવામાં આવશે જેમાં મુંબઈ-અમદાવાદ વચ્ચેની ટ્રેનનો સમાવેશ થાય છે.

મુસાફરીના સમયને ઓછો કરવાના પ્રયાસમાં ૧૨ જેટલી ટ્રેનો બે સ્ટેશનો વચ્ચે પોઈન્ટ ટુ પોઈન્ટ નોન સ્ટોપ દોડાવવામાં આવશે. મમતા બેનર્જીએ જે ૫૦ રેલ્વે સ્ટેશનોને આંતરરાષ્ટ્રીય સ્તરના બનાવવાની જાહેરાત કરી છે તેમાં છત્રપતિ શિવાજી ટર્મિનલ મુંબઈ, પૂણે, નાગપુર, હાવડા, સિયાલદહ, નવી દિલ્હી, લખનૌ, વારાણસી, ચેન્નાઈ, ન્યુ જલપાઈગુડી, પુરી, કોરિચ, ગયા, ભોપાલ, હબીબર્ગજ અમદાવાદ તિરૂપતિ, બેંગ્લુરૂ બેંગલૂરૂ (શહેર) આગ્રા, મથુરા, જોધપુર વગેરે સામેલ છે.(૩.૨૩)

અસંગઠિત ક્ષેત્રના મજૂરો-રૂા. ૧૫૦૦ની આવકવાળા લોકો ઉપર મમતાનું હેત વરસ્યુ

## ગરીબો માટે ''ઇજ્જત'' યોજનાઃ માસિક રૂા. ૨૫ના પાસમાં ૧૦૦ કિ.મી. યાત્રા કરી શકશે

નવી દિલ્હી તા. ૩ : રેલ બજેટમાં મમતા બેનર્જીએ ગરીબો પર પુષ્કળ હેત વરસાવ્યું છે. સાવ ઓછી આવક ધરાવતા લોકોને મમતાએ ''ઈજ્જત'' બક્ષી છે!

મમતા બેનર્જીએ ''ઈજ્જત''સ્કીમ જાહેર કરી છે જે હેઠળ ગરીબોને રૂા.૨૫ના માસિક સિઝન પાસમાં ૧૦૦ કિ.મી. સુધી યાત્રા કરવાની સુવિધા ઉપલબ્ધ થશે.

બજેટ રજુ કરતી વખતે મમતા બેનર્જીએ જણાવ્યું કે યાત્રીઓની સુવિધા તેમની પ્રાથમીકતા છે અને તેઓ એક નવી યોજના ''ઈજ્જત'' જાહેર કરે છે. આ યોજના હેઠળ અસંગઠીત ક્ષેત્રમાં કામ કરતા અને મહિને માત્ર રૂા.૧૫૦૦ ની આવકવાળા લોકો માત્ર રૂા.૨૫ના માસિક પાસમાં ૧૦૦ કી.મી. સુધી મુસાફરી કરી શકશે. અસંગઠિત ક્ષેત્રના મજુરોને આ યોજના ખૂબ લાભદાઇ નીવડશે.

વધુમાં મમતાએ જણાવ્યું કે તે એ સુનિશ્ચિત કરશે. કે વિકાસનો ફાયદો સમાજના દરેક સ્તરના લોકો સુધી પહોંચે યાત્રીઓના ખાન-પાન, સાફ સફાઈ ઉપરાંત સુરક્ષા ઉપર પણ વિશેષ ધ્યાન અપાશે.(૩.૨૫)



બજેટમાં મમતા બેનર્જીની શાનદાર જાહેરાતઃ બે સ્ટેશનો વચ્ચે પોઈન્ટ ટુ પોઈન્ટ નોનસ્ટોપ

## રેલ્વેના ઈતિહાસમાં પહેલીવાર ૧૨ નોન સ્ટોપ ટ્રેન દોડશેઃ મુંબઈ-અમદાવાદનો સમાવેશ

નવી દિલ્હી, તા. ૩ :. રેલમંત્રી મમતા બેનર્જીએ આજે વર્ષ ૨૦૦૯-૧૦ માટેનું રેલ બજેટ રજૂ કરતા રેલ્વેના ઈતિહાસમાં પહેલીવાર ૧૨ નોન સ્ટોપ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી છે.

નવી નોન સ્ટોપ ટ્રેનોમાં અમદાવાદ-મુંબઈનો સમાવેશ થયો છે. આ ઉપરાંત નવી દિલ્હી-જમ્મુ તાવી દિલ્હી-પૂણ, દિલ્હી-ઈલાહાબાદ, દિલ્હી-ચેન્નાઈ, કોલકતા-અમૃતસર, મુંબઈ-લખનઉ, દિલ્હી-મુંબઈ, ભુવનેશ્વર-દિલ્હી, દિલ્હી-શિયાલદાહ, દિલ્હી-લખનઉ અર્નાકુલમ-દિલ્હી, હાવડા-મુંબઈ વગેરે રૂટ સામેલ છે.

### નોન સ્ટોપ ટ્રેનોને 'તુરંત' નામ અપાયું

આ સિવાય દિલ્હી-મુંબઈ-ચેન્નાઈમાં લેડીસ સ્પેશ્યલ ટ્રેન ચલાવવાની તેમણે જાહેરાત કરી છે. સંસદમાં રેલ્વે બજેટ રજૂ કરી રહેલા રેલમંત્રીએ આમ આદમીઓને ધ્યાનમાં રાખીને રેલ્વે બજેટ રજૂ કર્યુ હતું. આ સાથે જ લાંબા રૂટની કેટલીક ટ્રેનોને નોન સ્ટોપ ટ્રેન બનાવી મુસાફરીમાં લાગતા સમયને ઓછો કરવા પ્રયાસ કર્યો છે.

આમ આદમીને લક્ષ્યમાં રાખીને રજૂ કરેલા બજેટ દરમિયાન તેમણે જાહેરાત કરી હતી કે તુરંત સ્કિમ હેઠળ મુંબઈ-અમદાવાદ સહિત ૧૨ ગાડીઓ નોન સ્ટોપ દોડાવવામાં આવશે. આ ટ્રેનો બે સ્ટેશનો વચ્ચે પોઈન્ટ ટુ પોઈન્ટ નોન સ્ટોપ હશે.(૫-૨૧)

મમતાના બજેટમાં

## યુવા વર્ગને રૂા. ૨૯૯માં એસી મુસાફરીની ગિફ્ટ

''યુવા'' ટ્રેનમાં રૂા. ૨૯૯માં ૧૫૦૦ અને ૩૯૯માં ૨૫૦૦ કિ.મી. યાત્રા

નવી દિલ્હી તા. ૩; રેલમંત્રી મમતા બેનર્જીએ યુવા વર્ગ માટે સસ્તી એસી ટ્રેનની જાહેરાત કરી છે. યુવાઓ રૂા. ૨૯૯માં ''યુવા'' એસી ટ્રેનમાં મુસાફરી કરી શકશે.

આ ભાડામાં ૧૫૦૦ કિલોમીટરનો પ્રવાસ કરી શકાશે જયારે રૂા. ૩૯૯ના ભાડામાં ૨૫૦૦ કિલોમીટરનો પ્રવાસ કરી શકાશે.

## રેલ્વે બજેટઃ દરખાસ્તો ઉડતી નજરે

નવી દિલ્હી, તા. ૩ :. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટે રેલ્વે પ્રધાન મમતા બેનરજીએ શુક્રવારે લોકસભામાં રજૂ કરેલ રેલ બજેટના મુખ્ય મુદ્દા આ મુજબ છે.

- પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા ૫૦ વૈશ્વિક સ્તરના સ્ટેશનો ડેવલપ કરવા.
- ૩૭૫માંથી ૩૦૯ સ્ટેશનોએ આધુનિક સુવિધાઓ સ્થાપવી
- ટુરિસ્ટ અને ધાર્મિક સ્થળોનાં ૫૦ સ્ટેશનોએ તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી
- લાંબા અંતરની રાજધાની એક્સપ્રેસમાં પેસેન્જર્સને મનોરંજનની સુવિધા આપવી
- અનરિઝર્વ્ડ ટિકીટોની સિસ્ટમ હાલ ૫૦૦૦થી વધારીને ૮૦૦૦ ટર્મિનલ્સ સુધી વિસ્તારવી
- પેસેન્જર્સ હવે દેશભરની ૫૦૦૦ પોસ્ટ ઓફિસોએથી ટિકીટ બુક કરાવી શકશે
- ઈન્ટરસીટી ટ્રાવેલ માટે એરકન્ડિશન્ડ ડબલ-ડેકર ટ્રેનો મુકાશે
- વેઈટીંગ લિસ્ટમાં હોય તેવા પ્રવાસીઓ માટે એસ.એમ.એસ. અપડેટની સુવિધા
- ટિકીટો વેચવા માટે મહત્વના સ્ટેશનોએ ૨૦૦ ઓટોમેટિક વેન્ડીંગ મશીનો ગોઠવવા માટે આયોજન
- મુસાફરી ભાડામાં કોઈ વધારો નહી
- બજેટરી સપોર્ટ તરીકે રૂા. ૫ હજારનો વધારો
- યુવાવર્ગ માટે એ.સી. ટ્રેન એક ડઝન 'તુરંત ટ્રેન' શરૂ થશે
- 'ઈજ્જત યોજના'માં ૧૦૦ કિ.મી.નો પાસ રૂા. ૨૫માં ગરીબોને મળશે
- ૬૭ નવી ટ્રેનો શરૂ થશે
- ટ્રેનો-સ્ટેશનો ઉપર રૂા. ૧૦માં પુરી-શાકના પેકેટ મળશે.
- ઓપ્ટીકલ ફાઈબર કેબલ પ્રોજેકટ સામ પિત્રોડાના નેતૃત્વમાં નિષ્ણાંત સમિતિ
- બિમાર રેલ્વે કર્મચારીઓને ૪ લાખ સુધી મદદ કરવાની નીતિને સત્તા મળશે ૧૬ નવી રેલ્વે હોસ્પીટલ
- ઈજ્જત સ્કીમ ૧૦૦ કિ.મી. સુધી રૂા. ૨૫માં એમએસટી
- પત્રકારોને ૫૦ ટકા કન્સેશન
- ૧ ડઝન નોન સ્ટોપ ટ્રેન (તુરંત એક્સપ્રેસ)
- લાંબા અંતરની ટ્રેનમાં ૧ ડોકટર
- તત્કાલ રિઝર્વેશન પાંચને બદલે બે દિવસ પહેલા મળશે
- સ્ટુડન્ટ કન્સેશન ૬૦ ટકા
- ગરીબોને રૂા. ૨૫માં માસિક પાસ(૫-૨૨)

## રેલ્વે બજેટ હાઇલાટ્સ....

નવી દિલ્હી, તા.૩

- રોજગારને સર્વોચ્ચ પ્રાથમિકતા.
- રેલવે યાત્રીઓની સુરક્ષા અને સુવિધાઓ તરફ ખાસ ધ્યાન અપાશે.
- જનતા ભોજનની પુનઃ શરૂઆત.
- ૫૦ સ્ટેશનોને વિશ્વસ્તરના બનાવાશે.
- ૩૦૯ આદર્શ સ્ટેશનો બનાવાશે.
- ૨૦૦ સ્ટેશનોએ યાત્રી આવાસની સુવિધા.
- લાંબા અંતરની ટ્રેનમાં એક તબીબ.
- સફાઈ માટે નવો પાયલોટ પ્રોજેક્ટ.
- તમામ ટ્રેનોમાં ગ્રીન ટોયલેટની સુવિધા.
- ૨૦૦ નવા શહેરોમાં રિઝર્વેશન સેન્ટરો.
- રાજધાની અને શતાબ્દીમાં મનોરંજનની સુવિધા.
- ૨૦૦ સ્ટેશનો ઉપર ઑટોમેટિક ટિકિટ.
- મોબાઈલ ટિકિટીંગ સુવિધા.
- ડબલ ડેક્કર કોચની સુવિધા ઉભી કરાશે.
- ઈન્ટરસીટીમાં ડબલ ડેક્કર એસી કોચ ગોઠવાશે.
- રેલવે સુરક્ષા માટે કમાન્ડો બટાલિય રહેશે. જેમાં મહિલા કમાન્ડો પણ હશે.
- સાત નર્સિંગ ટ્રેનિંગ કૉલેજ શરૂ કરાશે.
- રેલવે ભરતી બોર્ડની સમીક્ષા કરાશે.
- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ક્વોટામાં ટૂંકમાં ભરતી કરાશે.
- વિકલાંગતા માટેના ક્વોટામાં પણ ટૂંકમાં ભરતી.
- ૧૮૦૦૦ નવા વેગન ખરીદાશે.
- ઓપ્ટીકલ ફાઈબર નેટવર્કનું વિતરણ કરાશે.
- રમત-ગમતના ક્વોટામાં રેલવેમાં વધારે રોજગાર અપાશે.
- ભ્રષ્ટાચારનો અંત લાવવા ખાસ ધ્યાન અપાશે.
- ખાદ્ય ચીજવસ્તુઓ માટે ખાસ ક્લોડ સ્ટોરેજ બનાવાશે.
- બંગાળમાં કોચ ફેક્ટરી બનાવાશે.
- ગરીબો માટે નવી 'ઈજ્જત' યોજના જાહેર કરાઈ.
- ૨૫ રૂપિયામાં ૧૦૦ કિલોમીટર સુધીના પ્રવાસ માટે માસિક પાસ અપાશે.
- પત્રકારોને રાહત ૩૦ ટકાથી વધારીને ૫૦ ટકા કરાઈ.
- ડીએમની ભલામણના આધારે પાસ જારી કરાશે.
- કોલકાતા-દિલ્હીમાં લેડીસ સ્પેશિયલ, ચેન્નાઈમાં મહિલા સ્પેશિયલ દોડશે.
- નોનસ્ટોપ ૧૨ ટ્રેનો જાહેર કરાઈ.
- સુપરફાસ્ટ પાયલોટ એક્સપ્રેસ ટ્રેન પાયલોટ આધારે રહેશે.
- રેલવે મેડિકલ કૉલેજ સ્થાપિત કરાશે.
- મધરેસાના વિદ્યાર્થીઓ માટે ટિકિટ રાહતો રહેશે.
- ૧૩૦ સંવેદનશીલ સ્ટેશનો માટે ઈન્ટેગ્રેટેડ સિક્યુરિટી સિસ્ટમ.
- વિદ્યાર્થીનીઓ માટે ઉચ્ચશિક્ષણ સ્કોરલશીપ.
- ૩૦૦૦ વધુ અનરિઝર્વ્ડ ટિકિટીંગ ટર્મિનલ.
- જાહેર-ખાનગી ભાગીદારી મારફતે રેલવે ભૂમિ પર કૉલેજો બનાવાશે.
- વેઈટ લિસ્ટેડ યાત્રીઓને એસએમએસથી માહિતી મળી શકશે.
- વૃદ્ધ અને વિકલાંગ લોકો માટે ખાસ ડબ્બા બનાવાશે.
- પૂર્વીય અને પશ્ચિમી કોરિડોરમાં મેગાલોજીસ્ટીક હબ બનશે.
- રેલવે હોસ્પિટલોને અપગ્રેડ કરાશે.
- ટિકિટો વેચાણ માટે મોબાઈલ ટિકિટીંગ વેન રહેશે.
- પોસ્ટ ઑફિસમાંથી કોમ્પ્યુટર ટિકિટીંગ.
- ધાર્મિક મહત્વના ૪૯ સ્ટેશનોને અપગ્રેડ કરાશે.
- કેટરિંગ, ફુડ અને સફાઈને પ્રાથમિકતા.
- ટ્રેનો સમયસર દોડે તેને પ્રાથમિકતા.
- સ્ટેશનો ઉપર મલ્ટીફન્કસનલ કોમ્પ્લેક્સ.

## મમતાએ બજેટ પૂર્ણ કર્યું આ શેર સાથે...

રોશની ચાંદ સે હોતી હૈ સિતારો સે નહીં, મોહબ્બત કામયાબીસે હોતી હૈ ઝૂનુન સે નહીં.

## પાંચ હજાર પોસ્ટ ઓફિસમાં રેલ્વેની ટિકીટો મળશે

ઇન્ટરસીટી ડબલ ડેકર બનશે

નવી દિલ્હી તા. ૩; રેલ્વેની રિઝર્વ ટિકીટો હવે પાંચ હજાર જેટલી પોસ્ટ ઓફિસમાંથી મળી શકશે રેલમંત્રી મળતા બેનર્જીએ આજે રેલવે બજેટ રજુ કરતા લોકસભામાં આ જાહેરાત કરી છે. ઈન્ટરસીટી એસી ડબલ ડેકર બનશે તથા ૫૦ ટિકીટ વેચાણ કરતા વાહનો શરૂ કરવામાં આવશે. નાના-મોટા ૨૦૦ સ્ટેશનો ઉપર ઓટોમેટિક વેન્ડીંગ મશીન પણ મુકવામાં આવશે તેમ તેમણે જણાવ્યું છે.(૪.૨૯)

■ પ્રથમ પાનાથી ચાલુ

## યાત્રી-નૂર ભાડા યથાવતઃ ગરીબો માટે 'ઇજ્જત સ્કીમ'

બદલે ફકત રૂા.૧૦૦ આપવા પડશે. આ સિવાય બજેટમાં ૫૭ નવી ટ્રેનો દોડાવવાની, પોરબંદર-અમદાવાદ સહિત દેશના ૫૦ સ્ટેશનોને વર્લ્ડ કલાસ સ્ટેશનોમાં પરિવર્તિત કરવા, ગાંધીધામ સહિત ૩૭૫ સ્ટેશનોને આદર્શ સ્ટેશનો બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. રેલ્વે મંત્રી મમતા બેનર્જીએ યુવાનોને માટે 'યુવા ટ્રેન'નું એલાન કર્યુ છે. જેમાં મુસાફરો ૨૯૯ની ટિકીટમાં ૧૫૦૦ કિ.મી. અને ૩૯૯ રૂા.માં ૩૦૦૦ કિ.મી.ની સફરનો આનંદ માણી શકશે.

આજે બપોરે લોકસભામાં ૨૦૦૯-૧૦નું રેલ્વે બજેટ રજુ કરતા મમતા બેનર્જીએ 'મમતા' વરસાવતા મુસાફરોની સુરક્ષા અને સલામતી ઉપર ખાસ ભાર મુકયો હતો. તેમણે જણાવ્યુ હતુ કે, રેલ્વેની સફર જીંદગીની એક સફર છે તેથી ગરીબોને ઈજ્જતથી મુસાફરી કરવા માટે હું એક ભેટ આપુ છું. આ માટે તેમણે ઈજ્જત નામથી એક સ્કીમ જાહેર કરતા કહ્યુ હતુ કે હવે અસંગઠીત ક્ષેત્રના લોકોને કે જેમનો પગાર માસિક રૂા.૧૫૦૦ હોય તેઓને રૂા.૨૫માં ૧૦૦ કિ.મી.ની મુસાફરીની સુવિધા આપવામાં આવશે. તેના ઉપર કોઈ સરચાર્જ નહી લાગે.

વિદ્યાર્થીઓને દેશનું ગૌરવ ગણાવતા મમતા બેનર્જીએ કહ્યુ હતુ કે, સ્કુલથી ઘર વચ્ચે છોકરીઓ માટે ગ્રેજયુએટ સુધી અને છોકરાઓને ૧૨માં ધોરણ સુધી વિનામૂલ્યે માસિક સીઝન ટિકિટ હવે મદ્રેસા, ઉચ્ચ મદ્રેસા અને સીનીયર મદ્રેસાના વિદ્યાર્થીઓને પણ મળશે.

મમતા બેનર્જીએ યાત્રિકોની સુરક્ષાને રેલ્વેની જવાબદારી ગણાવતા કહ્યુ હતુ કે આ મામલે કોઈપણ પ્રકારની લાપરવાહી સાખી લેવામાં નહી આવે. તેમણે અમદાવાદ અને પોરબંદર સહિત ૫૦ સ્ટેશનોને વર્લ્ડ કલાસ સ્ટેશનો બનાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

આમ આદમી માટે રાહતલક્ષી અને લોકપ્રિય બજેટ રજુ કરતા તેમણે કોઈપણ વર્ગના મુસાફરી ભાડામાં કોઈ વધારો કર્યો નથી ઉપરાંત નૂર ભાડામાં પણ કોઈપણ પ્રકારનો વધારો કર્યો નથી. તેમણે જાહેરાત કરી હતી કે લાંબા અંતરની ટ્રેનોમાં ડોકટરોની સુવિધા ઉપલબ્ધ થશે ઉપરાંત તમામ ટ્રેનોમાં ગ્રીન ટોયલેટ બનશે.

મમતા બેનર્જીએ રાજધાની અને શતાબ્દી ટ્રેનોમાં મનોરંજનની સુવિધા આપવાની, ઈન્ટરસીટીમાં ડબલ ડેકર અને એસી સુવિધા આપવાની, વિકલાંગ એસ.સી., એસ.ટી. કવોટામાં તત્કાલ ભરતી કરવા, માન્યતા પ્રાપ્ત પત્રકારોને રેલ્વે મુસાફરીમાં ૫૦ ટકાની છુટ આપવાની જાહેરાત પણ કરી હતી.

તેમણે જણાવ્યુ હતું કે, મહિલાઓ માટે સુરિક્ષત વેઈટીંગ રૂમ પણ બનાવવામાં આવશે. રેલ્વેની આવક વધારવા માટે માલવહનમાં ખાનગી ભાગીદારી વિકસાવવામાં આવશે અને સુપર ફાસ્ટ પાર્સલ સર્વિસ શરૂ કરવામાં આવશે. ફળ અને શાકભાજી માટે રેલ્વે કોલ્ડ સ્ટોરેજની સંખ્યા વધારવામાં આવશે. યાત્રિકોની ફરિયાદો દુર કરવા માટે સફાઈ માટે નવો પાઈલોટ પ્રોજેકટ બનાવવામાં આવશે. રેલ્વે સુરક્ષા માટે કમાન્ડો બટાલિયન બનાવવામાં આવશે ઉપરાંત તેમાં મહિલા કમાન્ડોને પણ સામેલ કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૦ શહેરોમાં નવા રેલ્વે આરક્ષણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે અને ૨૦૦ સ્ટેશનો પર યાત્રિકોને ઓટોમેટીક ટિકિટની સુવિધા મળશે. દેશના ૫૦૦૦ થી વધુ ડાક ઘરોમાંથી રેલ્વે ટિકિટ ખરીદ કરાશે. રેલ્વે ટિકીટ વેચાણ માટે ૫૦ મોબાઈલ વાન શરૂ કરવામાં આવશે. જે ૩૭૫ મોડલ સ્ટેશનો બનાવાશે તેમાં એટીએમ સહિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ થશે. ૧૦૦૦ વધુ સ્ટેશનો પર રિઝર્વેશનની સુવિધા વધારવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે, રેલ્વે કર્મચારીઓ માટે ૬૬૫૦ મકાન બનાવવામાં આવશે ઉપરાંત રેલ્વેની જમીન ઉપર ૭ નર્સિંગ કોલેજ પણ બનાવવામાં આવશે. રેલ્વે ભરતી બોર્ડની નીતિમાં ફેરફારો કરવામાં આવશે.

રેલ્વે બજેટમાં સૌરાષ્ટ્રને ફરી એક વખત અન્યાય થયો છે. સૌરાષ્ટ્રને એક પણ નવી ટ્રેન નથી મળી કે એક પણ ટ્રેન લંબાવવામાં આવી નથી. જેના કારણે લોકોમાં ભારે રોષ ફેલાયો છે.(૮-૨૦)